# કેજરીવાલને ઉપવાસ સમેટવા અન્નાની અપીલ



નવીદિલ્હી,તા.૩૦

દિલ્હી સરકાર દ્વારા વીજળી અને પાણીની કિંમતો વધારવા કરાયેલા નિર્ણય વિરુદ્ધ પાછલા સાત દિવસથી ઉપવાસ આંદોલન ચલાવી રહેલાં અરવિંદ કેજરીવાલની મુલાકાતે શુક્રવારે ગાંધીવાદી લીડર અને સામાજિક કાર્યકર્તા અણ્ણા હજારે આવી પહોંચ્યા હતાં અને તેમણે ઉપવાસ પર બેઠેલા અરવિંદ કેજરીવાલને ઉપવાસ તોડવા અપીલ કરી હતી. તેમણે કહ્યું હતું કે, અમારા રસ્તા અલગ જરૂર છે પરંતુ મંઝિલ એક છે, જ્યારે જ્યારે અમારે એકબીજાની જરૂર પડશે ત્યારે સાથે આવીશું. અરિવંદ કેજરીવાલે પણ ઉપવાસ સ્થળ પર આવવા બદલ અણ્ણાનો આભાર માન્યો હતો. અણ્ણાએ કેજરીવાલના મંચ પરથી જણાવ્યું હતું કે, અરવિંદના ઉપવાસને સાત દિવસ થઈ ચૂક્યા છે અને હવે તેમની તબિયત પણ સારી નથી. હવે તેમણે એક-બે દિવસ બાદ ઉપવાસ છોડી દેવા જોઈએ. તેમણે અરવિંદને સમજાવ્યું હતું કે, સરકાર ઈચ્છે છે કે આપણાં જેવા આંદોલનકારીઓ મરી જાય. કેજરીવાલે ઉપવાસ તોડીને ફરીથી લડાઈ લડવા માટે તૈયાર થઈ જવું જોઈએ. અણ્ણાએ એમપણ કહ્યું હતું કે, આ લડાઈ લાંબી છે. અણ્ણાએ ઉપસ્થિત મેદનીને જણાવ્યું હતું કે, જલિયાવાલા બાગથી દેશભરમાં ભ્રમણ કરીને તેઓ જાગૃતિ અભિયાનની શરૂઆત કરશે. તેમણે એવીપણ જાહેરાત કરી હતી કે, દિલ્હીમાં ચૂંટણીની ઘોષણા થતાં તેમનું ઉપવાસ આંદોલન રામલીલા મેદાનમાં ફરીથી શરૂ થશે. અણ્ણા હજારે અને અરવિંદ કેજરીવાલની મુલાકાતથી બંનેના ફરી એકવાર નજીક આવવા વિશેની અટકળોએ જોર પકડ્યું છે. ઉલ્લેખનીય છે કે, રાજકીય પાર્ટી બનાવવાના મુદ્દે કેજરીવાલ ટીમ અણ્ણાથી અલગ થઈ ગયા હતાં. એકઠી થયેલી ભીડ સામે શીલા દિક્ષીત સરકાર આકરા પ્રહારો કરતા જણાવ્યું હતું કે, શીલા સરકારે વીજળી અને પાણીની કિંમતોમાં વધારો કરી દિલ્હીની જનતા પર ભારે બોજ નાંખ્યો છે. તેમણે અન્ય એક આરોપ મૂકતા કહ્યું હતું કે, વિદેશી કંપનીઓ સાથે દિલ્હી સરકારની સાંઠગાંઠ છે. આ રેલીમાં અરવિંદ કેજરીવાલના નજીકના સાથી એવા મનિષ સિસોદીયાએ પણ દિલ્હી સરકાર પર પ્રહારો કર્યા હતાં અને કેટલાક ઉદાહરણો રજૂ કરી સરકારને કઠેડામાં ઉભી કરવા પ્રયત્નો કર્યા હતાં. અણ્ણા હજારેએ કહ્યું હતું કે, કેજરીવાલ, બાબા રામદેવ કે પછી શ્રી શ્રી રવિશંકર આ તમામ લોકોએ સાથે મળીને લડવાનો સમય હવે આવી ગયો છે. કેજરીવાલના ઉપવાસ આંદોલનથી લોકોમાં જાગૃતિ આવી છે અને કેજરીવાલે ઉપવાસ આંદોલન સમેટી તંદુરસ્ત બનીને ફરીથી લડાઈ લડવા માટે તૈયાર થઈ જવું જોઈએ જેથી લાંબી લડાઈ શકાય. કેજરીવાલે શીલા દિક્ષીતને જાહેર મંચ પરથી ચર્ચા કરવા પડકાર ફેંક્યો હતો અને પોતે મૂકેલા આરોપો સાબિત કરવાનો હુંકાર પણ કર્યો હતો.

## સંજય દત્તને રાજ્યપાલ માફી આપી શકે જ નહીં : ન્યાયમૂર્તિ

નવીદિલ્હી,તા.૩૦

મહારાષ્ટ્રના રાજ્યપાલ સિનેસ્ટાર સંજય દત્તને આર્મ્સ એક્ટ હેઠળ સંભળાવવામાં આવેલી પાંચ વર્ષ કઠોર કારાવાસની સજાથી બચાવી નહીં શકે. અલાહાબાદ હાઈકોર્ટના નિવૃત્ત ન્યાયાધીશ એસ.આર.સિંહે જણાવ્યું છે કે, રાજ્યપાલ પાસે સંજય દત્તને માફી આપવાનો બંધારણીય અને કાયદાકીય અધિકાર નથી. સંજયને આર્મ્સ એક્ટ હેઠળ સજા સંભળાવવામાં આવી છે અને આ કેન્દ્રીય કાયદો છે માટે ફક્ત દેશના રાષ્ટ્રપતિ જ સંજય દત્તને માફી આપી શકે છે.

સંજયને માફી આપવાની અપીલ કરનાર રાજનેતાઓ અને જાણીતા કાયદાવિદોએ રાજ્યપાલને અપાયેલ માફી આપવાના બંધારણીય અધિકારની કાયદાકીય જોગવાઈઓ પર યોગ્ય વિચાર કર્યો હોય તેવું લાગતું નથી. રાજ્યપાલ પાસે કોઈને પણ માફી આપવાનો અબાધિત અધિકાર નથી.

સેવાનિવૃત્ત ન્યાયાધીશ એસ.આર.સિંહે જણાવ્યું છે કે, રાજ્યપાલ ફક્ત એવા કેસોમાં જ માફી આપી શકે છે કે જેમાં રાજ્ય સરકારે બનાવેલ કાયદાનું ઉલ્લંઘન કરવામાં આવ્યું હોય અથવા તો જે વિષયોમાં રાજ્ય અને કેન્દ્ર બંને ઑથોરિટીને



કાયદો બનાવવાનો અધિકાર હોય. આર્મ્સ એક્ટ કેન્દ્રીય કાનૂન છે અને બંધારણની અનુસૂચિ-૭માં પાંચમા નંબર પર નોંધાયેલ છે કે શસ્ત્ર એટલે કે અજ્ઞાસ્ત્ર વિસ્ફોટક અથવા ગોળાબારૂદ વિષયે કોઈપણ કાનૂન બનાવવાનો અધિકાર ફક્ત સંસદને છે. આ ચીજોની યાદી કેન્દ્રનો વિષય છે માટે આ કાયદાનું ઉલ્લંઘન કરનાર દોષી વ્યક્તિને ફક્ત રાષ્ટ્રપતિ જ માફી આપી શકે છે રાજ્યપાલ નહીં. ન્યાયાધીશ એસ.આર.સિંહે જણાવ્યું છે કે, રાજ્યપાલને બંધારણના અનુચ્છેદ ૧૬૧માં માફી આપવાનો અધિકાર છે પરંતુ એવા વિષયોમાં જ તેઓ સજા માફ કરી શકે છે જેમાં રાજ્યને કાયદો બનાવવાનો અધિકાર મળેલ હોય. બંધારણનો અનુચ્છેદ ૧૬૨ રાજ્યની કાર્યપાલિકા શક્તિ (એક્ઝીક્યુટીવ પાવર)નું વિસ્તારથી વિવરણ આપે છે. બંધારણનો અનુચ્છેદ ૧૫૪ જણાવે છે કે રાજ્યના એક્ઝીક્યુટીવ પાવર રાજ્યપાલમાં નીહિત હશે. રાજ્યપાલની શક્તિને સમજવા માટે તમામને સાથે રાખીને જોવામાં આવશે.

હવે બંધારણના અનુચ્છેદ ૭૨માં પણ રાષ્ટ્રપતિને અપાયેલ માફીના અધિકાર પર નજર નાંખીએ તો ત્યાં પણ આવી જ ભાષાનો ઉપયોગ કરવામાં આવ્યો છે. હવે અન્ય એક બાબત એ પણ સામે આવી છે કે, સિરીયલ બોમ્બ બ્લાસ્ટના અન્ય દોષીઓને પણ એકસમાન કાયદો લાગુ પડશે અને આ માટે ત્રીજા પક્ષની અપીલ યોગ્ય નથી પરંતુ સંજય દત્તે સ્વયં માફી માટે અરજી કરવી પડશે.

## દહેજ કેસમાં ઓરિસ્સાના પૂર્વ પ્રધાન, તેમના પત્નિની ધરપકડ

ભુવેશ્વર, તા.૩૦

એક પખવાડિયા સુધી પોલીસને થાપ આપ્યા બાદ ઓરિસ્સાના ભૂતપૂર્વ પ્રધાન રઘુનાથ મોહનજી અને તેમના પત્નિની આજે પશ્ચિમ બંગાળમાં ધરપકડ કરી લેવામાં આવી હતી. તેમને પુત્રવધુ દ્વારા કરવામાં આવેલા દહેજ સતામણીના કેસમાં પકડી લેવામાં આવ્યા હતા. ત્યારબાદ બેલાસોર લાવવામાં આવ્યા હતા.

દહેજ અને સતામણીનો કેસ થયા બાદ ઓરિસ્સાના પૂર્વ પ્રધાન મુશ્કેલીમાં દેખાઈ રહ્યા છે. ડિરેક્ટર જનરલ ઓફ પોલીસ પ્રકાશ મિશ્રાએ માહિતી આપતા કહ્યુ છે કે ભૂતપૂર્વ પ્રધાન અને તેમના પત્નિ પે. મોહંતીની પશ્ચિમ બંગાળના હાવડા જિલ્લામાં એક સ્થળથી ધરપકડ કરી લેવામાં આવી છે. ઓરિસ્સા પોલીસની માનવઅધિકાર રક્ષણ ટીમ દ્વારા તેમની ધરપકડક કરી લેવામાં આવી છે. ચોક્કસ માહિતીના આધાર પર એચઆરપીસીની ક્રેક ટીમ પશ્ચિમ બંગાળ પહોચી હતી અને મોહંતી દંપત્તિને હાવડા જિલ્લામાં આજે વહેલી સવારે શાલીમાર સ્ટેશન નજીક બેટાઈ ટોલા ખાતે શાંતિકૂચ એપાર્ટમેન્ટમાંથી પકડી લેવામાં આવ્યા હતા. તેઓ ક્યા છે તે અંગે પહેલા ખાતરી કરવામાં આવી હતી. ડીજીપીએ કહ્યુ હતુ કે મોહંતી દંપત્તિ ૨૦મી માર્ચ બાદથી આ સંકુલમાં ભાડા પર બે ફ્લેટ લીધા હતા. જુદા જુદા લોકોના નામ પર રહેતા હતા. કાયદાકીય પ્રક્રિયા પૂરી કરી લેવામાં આવ્યા બાદ બીજેડીના નેતા અને તેમના પત્નિને ઓરિસ્સા લાવવામાં આવ્યા હતા. હવે ચંડીપુર મરિન પોલીસ સ્ટેશન ખાતે તેમની પુછપરછ કરવામાં આવી રહી છે તેમની પૂત્રવધુ વર્ષા ચૌધરીએ ૧૪મી માર્ચના દિવસે બેલાસોર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ દાખલ કરી હતી અને કહ્યુ હતુ કે ભૂતપૂર્વ કાયદા અને શહેરી વિકાસ પ્રધાન તથા પરિવારના ચાર સભ્યો તેને શારીરિક અને માનસિકરીતે ત્રાસ આપ્યા હતા. મોહંતીએ ૧૫મી માર્ચના દિવસે નવીન પટનાયક સરકારમાંથી રાજીનામુ આપ્યુ હતુ. તેમના પુત્ર રાજાશ્રી મોહંતીની પણ ધરપકડ કરવામાં આવી હતી અને જેલ ભેગા કરી દેવામાં આવ્યા હતા. એફઆઈઆરમાં મોહંતી દંપત્તિ, તેમના પુત્ર અને તેમની પુત્રીના નામનો પણ ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

## સાઉદીમાં નવા નોકરી કાયદાથી ભારે દહેશત

થીરૂવનંતપુરમ, તા.૩૦

કેરળના મુખ્યમંત્રી ઓમાન ચંડીએ આજે માહિતી આપતા કહ્યુ હતુ કે સાઉદી અરબિયાની નવી લેબર પોલીસીના કારણે કેરળમાં દહેશતની કોઈ સ્થિતિ નથી. ટૂંકમાં જ અમલી બની રહેલી નવી લેબર પોલીસીને લીધે રાજ્યના વર્કરોને કોઈ માઠી અસર થશે નહીં. તેમણે એમ પણ ઉમેર્યુ હતુ કે નવી પોલીસીને લઈને સાઉદી સાથે ભારતના સારા સંબંધોના કારણે આ વિવાદને ઉકેલવાના પ્રયાસ થઈ રહ્યા છે. પત્રકાર પરિષદમાં બોલતા ઓમાન ચંડીએ કહ્યુ હતુ કે અમે આશા રાખી રહ્યા છીએ કે સાઉદીમાં નવા નોકરી કાયદાના કારણે વિવાદનો ઉકેલ આવી જશે કારણ કે સાઉદી અરબિયા સાથે ભારતના ખુબ સારા અને મૈત્રીપૂર્ણ વેપાર સંબંધો છે. લેબર પોલીસી જેનું નામ નિકાકત રાખવામાં આવ્યુ છે તેના કારણે કોઈ પણ ભયની સ્થિતિ નથી. નોકરીમાં મોટાભાગે સ્થાનિક લોકોને વધારે મહત્વ આપવાના હેતુસર હાલમાં સાઉદી અરબિયાએ તેની લેબર પોલીસીમાં ફેરફાર કરીને નવા કાયદાઓ અમલી બનાવ્યા છે.

**પાંચમી એપ્રિલના દિવસે સજાની જાહેરાત**

## ગોંડા એન્કાઉન્ટર કેસ : આઠ પોલીસ જવાનો દોષિત જાહેર

લખનૌ, તા.૩૦

ગોંડા જિલ્લામાં ૩૧ વર્ષ જુના બનાવટી એન્કાઉન્ટર કેસના સંબંધમાં સીબીઆઈ કોર્ટ દ્વારા આઠ પોલીસ જવાનોને આજે અપરાધી ઠેરવવામાં આવ્યા હતા. આ એક બનાવટી એન્કાઉન્ટમાં ડીએસપી સહીત ૧૩ લોકો માર્યા ગયા હતા. સ્પેશિયલ સીબીઆઈ જજ રાજેન્દ્રસિંહે આ તમામને અપરાધી ઠેરવ્યા હતા અને સજા જાહેર કરવા માટે આગામી તારીખ તરીકે પાંચમી એપ્રિલ નક્કી કરી હતી. જ્યારે એક પોલીસ જવાનને પ્રેમસિંહને આ આરોપોમાં નિર્દોષ છોડી દેવામાં આવ્યો હતો. એકંદરે ૧૯ પોલીસ જવાનોને આ કેસમાં આરોપી બનાવવામાં આવ્યા હતા. આમાં ટ્રાયલ દરમિયાન ૧૦ લોકોના મોત થઈ ગયા હતા. માર્ચ ૧૯૮૨માં માધોપુર ગામમાં બનાવટી એન્કાઉન્ટર થયુ હતુ જેમાં ડીવાયએસપી, સર્કલ ઓફિસર કેપી સિંહ અને અન્ય ૧૨ લોકો માર્યા ગયા હતા.

પોલીસે શરૂઆતમાં દાવો કર્યો હતો કે સિંહની હત્યા અપરાધીઓ દ્વારા કરવામાં આવી હતી પરંતુ ત્યારબાદ તેમના પત્નિ વિભાસિંહને શંકા ગઈ હતી. વિભાસિંહે સુપ્રીમ કોર્ટમાં અપીલ કરી હતી. સુપ્રીમ કોર્ટે ત્યારબાદ સીબીઆઈ તપાસનો આદેશ કર્યો હતો. સીબીઆઈએ ૧૯ પોલીસ જવાનો સામે ચાર્જશીટ દાખલ કરી હતી. જે પૈકી ૧૦ના ટ્રાયલ દરમિયાન મોત થયા હતા. જે લોકોને અપરાધી ઠેરવવામાં આવ્યા છે તેમાં પીએસી કમાન્ડ ડેન્ટ રમાકાંત દિક્ષીત, સ્ટેશન હાઉસ ઓફિસર આરબી સરોજ, સબ ઈન્સપેક્ટર નસિમ અહેમદ, મંગળસિંહ, પરવેઝ હુસૈન, રાજેન્દ્રપ્રસાદસિંહ, હેડ.કો. પ્રેમ નારાયણ, કોસ્ટેબલ રામ કરણનો સમાવેશ થાય છે. આઠ અપરાધીઓને જેલ ભેગા કરવામાં આવ્યા હતા.

## લોકસભાની ચૂંટણીમાં સપા ૪ બેઠકો જ જીતશે : બેનીપ્રસાદ

**કોંગ્રેસ ૪૦ બેઠકો પર વિજય હાંસલ કરશે**
**સમાજવાદી પક્ષનું નામોનિશાન મટી જશે**

બલરામપુર, તા. ૩૦

સમાજવાદી પક્ષ પર જોરદાર પ્રહાર કરતાં કેન્દ્રિય મંત્રી બેનીપ્રસાદ વર્માએ જણાવ્યું હતું કે, આગામી લોકસભાની ચુંટણીમાં મુલાયમસિંહ યાદવનો પક્ષ માત્ર ૪ બેઠકો જ જીતી શકશે. સમાજવાદી પક્ષનું નામોનિશાન મટી જશે. મુલાયમસિંહ યાદવને કહેવાતી રીતે આતંકવાદીઓ સાથે સંબંધ હોવાની બાબત અંગે નિવેદન કરીને વિવાદ ઉભો કરનારા બેનીપ્રસાદે જણાવ્યું હતું કે, કોંગ્રેસ ઉત્તરપ્રદેશમાં તમામ ૮૦ લોકસભાની બેઠકો પર ચૂંટણી લડશે તેમાંથી ૪૦ પર વિજય હાંસલ કરશે.

બેનીપ્રસાદે જણાવ્યુંહતુંકે, અમે ભાજપને ૧૦થી વધુ બેઠકો જીતવા નહીં દઈએ. માયાવતી ૩૬ બેઠકો જીતી શકશે. પોલાદમંત્રી બેનીપ્રસાદે આ નિવેદન એવા સમયે કર્યુંહતું છે જ્યારે મુલાયમસિંહ યાદવ કેન્દ્ર સરકાર વિરુદ્ધ ઘણાં આકરા નિવેદનો તેમજ આક્ષેપો કરી ચુક્યા છે.

બીજી તરફ બેની પ્રસાદ પણ પોતાના નિવેદન દ્વારા સપા પ્રમુખને નારાજ કરી ચુક્યા છે. તેમના નિવેદન બાદ મુલાયમસિંહ યાદવે વડાપ્રધાન તેમજ કોંગ્રેસ અધ્યક્ષ સોનિયા ગાંધીની મુલાકાત લઈને બેનીપ્રસાદના રાજીનામાની માંગણી કરી ચુક્યા છે.

આક્ષેપ-પ્રતિઆક્ષેપનો સિલસિલો ચાલુ જ રહ્યો છે. એકબાજુ કોંગ્રેસ ઉપર આકરા પ્રહારો કરીને મીડિયામાં કોંગ્રેસને આપેલા સમર્થન વિરુદ્ધ બોલી ચુકેલા મુલાયમે શુક્રવારે જ સ્પષ્ટતા કરી દીધી હતી કે સરકારને આપેલું સમર્થન પાછું ખેંચવાનો કોઇ ઈરાદો નથી. તેમજ સરકારને આપેલો ટેકો પાછો ખેંચવાનો કોઇ સવાલ જ પેદા નથી થતો. જો કે વડાપ્રધાન મનમોહનસિંહે એ વાતનો સ્વીકાર કર્યો હતો કે સપા સરકારને આપેલો ટેકો પાછો ખેંચી શકે છે. દ્રમુકે સરકારને આપેલો ટેકો પાછો ખેંચી લીધા બાદ સંસદમાં ૨૨ સભ્યો ધરાવતા સપા હાલ સરકારને બહારથી ટેકો આપી રહી છે.

બેનીપ્રસાદે આરોપ મુક્યો હતો કે ઉત્તરપ્રદેશની સરકાર લઘુમતીઓ અને દલીલોના વિકાસ માટે મુકેલા નાણાંનો ઉપયોગ લેપટોપ વહેંચવામાં કરી રહી છે. તેમજ તેનો રાજકીય લાભ તેવાનો પ્રયત્ન કરી રહી છે. સપાની હાર તથા કોંગ્રેસની જીત સુનિશ્ચિત કરવી એ જ તેમના જીવનનું એકમાત્ર લક્ષ્ય છે.

## વર્ષ ૨૦૧૩-૧૪માં પ્રોવિડન્ડ ફંડની બચતથી વધુ સારા રિટર્નની અપેક્ષા

નવી દિલ્હી, તા.૩૦

વર્ષ ૨૦૧૩-૧૪માં પ્રોવિડન્ડ ફંડની બચતથી વધુ સારા રિટર્નની અપેક્ષા રાખી શકાય છે. અલબત્ત રાષ્ટ્રીય બચત પ્રમાણપત્ર જેવા નાના બચતના સાધનોમાં પહેલી એપ્રિલથી રિટર્ન ઓછું મળશે કારણ કે વ્યાજદર ઘટાડી દેવામાં આવ્યુ છે. એમ્પ્લોઈઝ પ્રોવિડન્ડ ફંડ ઓર્ગેનાઈઝેશન (ઈપીએફઓ) પણ આગામી નાણાંકીય વર્ષથી નવી મૂડીરોકાણની પદ્ધતિને અપનાવનાર છે. વર્ષ ૨૦૧૧-૧૨માં છ કરોડથી વધુ ઈપીએફના સભ્યોને તેમની નિવૃત્તિ બચત પર ૮.૨૫ ટકાની ચુકવણી કરવામાં આવી હતી. ૨૦૧૨-૧૩ માટે આ રિટર્ન ૮.૫ ટકા રહેશે. અલબત્ત નાણાં મંત્રાલય દ્વારા આને હજુ સુધી લીલીઝંડી આપી નથી. આની બિલકુલ વિરુદ્ધમાં પીપીએફ બચત પર આ વર્ષે ૮.૮ ટકાની કમાણી થઈ છે જ્યારે આ કમાણી ૨૦૧૩-૧૪માં ૮.૭ ટકા રહેશે. શ્રમ મંત્રાલય દ્વારા ઈપીએફઓ રોકાણના ધારાધોરણોને સુધારવાનો નિર્ણય કર્યો છે. તેની ૫૦૦૦૦૦ કરોડની રકમ પર રિટર્નને પ્રોત્સાહન આપવા માટે આ પગલા લેવામાં આવ્યા છે. ઈપીએફ રિટર્ન પર નાણાં મંત્રાલય જુદા મત ધરાવે છે. નવા ધારાધોરણ મુજબ ઈપીએફઓ દ્વારા આઠ નવી બ્લુચિપ ખાનગી સેક્ટરની કંપનીઓ દ્વારા જારી કરવામાં આવતા બોન્ડમાં તેની રકમ રોકી શકે છે. જેમાં રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ અને લાર્સન એન્ડ ટુબ્રો જેવી નવી બ્લુચીપ ખાનગી સેક્ટરની કંપનીઓનો સમાવેશ થાય છે. તાતા કન્સલ્ટન્સી સર્વિસ, ઈન્ફોસિસ ટેકનોલોજી, વિપ્રો, અંબુજા સિમેન્ટ જેવી અન્ય આઠ કંપનીઓ પણ નવેસરથી બોન્ડ રોકાણ માટે લાયક બની શકે છે. બચતનો ખૂબજ મહત્વપૂર્ણ ગણવામાં આવે છે. ઈપીએફઓ દ્વારા ખાનગી સેક્ટરને મહત્વ અપાઈ રહ્યુ છે. પીએસયુ બોન્ડમાંથી રિટર્નને સુધારવાના હેતુસર ઈપીએફઓ પર આવી સિક્યુરીટી માટે અવધિ મર્યાદામાં ફેરફાર કર્યો છે. લાંબા ગાળા સુધી વધુ સારા રિટર્ન મળી શકે છે.

## આર્થિક વિકાસમાં મ.પ્રદેશ પ્રથમ ક્રમે

નવી દિલ્હી, તા.૩૦

ભાજપના નેતૃત્વમાં મધ્ય પ્રદેશ સરકાર આર્થિક વિકાસમાં નંબર વન તરીકે ઊભરી આવ્યું છે. આની સાથે જ મધ્ય પ્રદેશે બિહારને પછડાટ આપી દીધી છે. જો કે ગુજરાત, કેરળ, મહારાષ્ટ્ર, રાજસ્થાન અને દિલ્હીના વિકાસના આંકડા હજુ સુધી જાહેર કરવામાં આવ્યા નથી જેથી વ્યાપક સરખામણી કરવાની બાબત હજુ વહેલી તકે હશે. આ તમામ રાજ્યોએ છેલ્લા ઘણા વર્ષોથી અભૂતપૂર્વ વિકાસનો દર જાળવી રાખ્યો છે. વર્ષ ૨૦૧૨-૧૩ માટેના આ રાજ્યો માટેના જીડીપીના આંકડાની રાહ જોવામાં આવી રહી છે પરંતુ હજુ સુધી જે આંકડા જારી કરાયા છે તે મુજબ મધ્ય પ્રદેશે બિહારને પછડાટ આપી દીધી છે. આંકડા કેન્દ્ર સરકારના આંકડાકીય વિભાગ દ્વારા જારી કરાયા છે જે દર્શાવે છે કે બિહારનો વિકાસદર ઘટ્યો છે અને ગયા વર્ષે ૧૩.૨૬ ટકાથી વિકાસદર ઘટીને આ વર્ષે એક આંકડામાં એટલે કે ૯.૪૮ ટકા થઈ ગયો છે. અન્ય પછાત રાજ્યોએ પણ સ્થિતિ જાળવી રાખી છે જેમાં ઝારખંડ અને ઓરિસ્સામાં વિકાસદર ક્રમશ ૯.૧૨ અને ૯.૧૪ ટકા રહ્યો છે. બિહારના કેસમાં હાલના વર્ષોમાં વિકાસદર ઝડપથી વધ્યો હતો પરંતુ આ વર્ષે ફરી ઘટીને ૯.૪૮ ટકા થઈ ગયો છે. બિહારના કેસમાં નિતીશકુમારના દાવા હવે ખુલ્લા પડી રહ્યા છે. વર્તમાન નાણાંકીય વર્ષ માટે આંકડા ચોક્કસપણે નિતીશકુમાર માટે નિરાશાજનક રહ્યા છે. મધ્ય પ્રદેશની સરખામણી કરવામાં આવે તો આની સ્થિતિ ખૂબ સારી રહી છે. મધ્ય પ્રદેશે છેલ્લા એક વર્ષના ગાળામાં તેના અર્થતંત્રમાં ૨૦૦૦૦ કરોડથી વધુ ઉમેરી દીધા છે અને તેના જીડીપીને ગયા વર્ષે ૨૦૧૨૯૦ કરોડથી વધારીને આ વર્ષે ૨૨૧૪૬૩ કરોડ કરી દેવામાં આવ્યા છે જ્યારે બિહારના કેસમાં અર્થતંત્રમાં ૧૩૬૭૯ કરોડ ઉમેરવામાં આવ્યા છે જેથી જીડીપીમાં ઉમેરો વર્તમાન નાણાંકીય વર્ષમાં ૧૫૭૯૫૭ કરોડ રૂપિયા રહ્યા છે. વ્યક્તિદીઠ આવકના મામલામાં પણ બિહાર પાછળ રહી ગયું છે. અહીં વ્યક્તિદીઠ આવક ૨૦૧૨-૧૩માં માત્ર ૧૦૯૦ રૂપિયા રહી છે જે અન્ય રાજ્યોની સરખામણીમાં સૌથી ઓછી છે. ઝારખંડ અને મધ્ય પ્રદેશમાં વ્યક્તિદીઠ આવક વધી છે. ઓરિસ્સામાં પણ વ્યક્તિદીઠ આવક પ્રમાણમાં વધુ રહી છે. આની બિલકુલ વિરુદ્ધમાં વર્તમાન નાણાંકીય વર્ષમાં બિહારની સ્થિતિ નિરાશાજનક રહી છે. છેલ્લા પાંચ વર્ષના ગાળામાં બિહારે સારી પ્રગતિ કરી હતી અને તેનો આંકડો ૨૦૦૮-૦૯માં ૧૨ ટકા, ૨૦૧૦-૧૧માં ૧૧ ટકા, ૨૦૧૧-૧૨માં ૧૩ ટકા રહ્યો હતો. ૨૦૦૯-૧૦માં ૭.૦૯ ટકા રહ્યો હતો.

## પંજાબમાં અણ્ણા આજે રેલીને સંબોધશે

જલંધર, તા.૩૦

ભ્રષ્ટાટાચાર વિરોધી કાર્યકર અને સામાજિક બાબતોમાં જોડાયેલા અણ્ણા હજારે આવતીકાલે પંજાબમાં જાહેર સભાને સંબોધશે. પંજામાં જનતંત્ર યાત્રાની શરૂઆત થઈ રહી છે. અણ્ણા હજારે પંજાબની પાંચ દિવસની યાત્રા દરમિયાન આઠ જાહેર સભાઓને સંબોધનાર છે. જનતંત્ર મોરચના સભ્ય આઈએસ ભલ્લા દ્વારા આજે આ મુજબની માહિતી આપવામાં આવી હતી.

અણ્ણા હજારે અમૃતસરથી તેમની યાત્રાના પ્રથમ તબક્કાની શરૂઆત કરશે. જુદા જુદા મંદિરોમાં પણ જશે. તેઓ જલિયાવાલા બાગ ખાતે આવતીકાલે રેલીને સંબોધશે. ત્યારબાદ વધુ રેલીને પણ સંબોધિત કરશે. જનતંત્ર મોરચાના પ્રવક્તા ગુરુદીપસિંહે કહ્યુ છે કે અણ્ણા હજારે દુર્ગિયાના મંદિર, હરમંદિર સાહિબ, રામતિરથ મંદિરમાં પ્રાર્થના કરીને પોતાની યાત્રાના પ્રથમ તબક્કામાં અમૃતસરથી શરૂઆત કરશે. ૩૧મી માર્ચના દિવસે જલિયા વાલા બાગમાં પ્રથમ જાહેરસભાને સંબોધશે. ત્યારબાદ તેઓ એ જ દિવસે કપૂરથલા અને જલંધરમાં પણ રેલી સંબોધશે. સિંહે કહ્યુ હતુ કે પહેલી એપ્રિલના દિવસે લુધિયાના અને મોગામાં અને બીજી એપ્રિલના દિવસે ભટિંડામાં રેલીનું આયોજન કરવામાં આવશે. પોતાની પંજાબ યાત્રાની સમાપ્તિ પહેલા તેઓ બરનાલા અને પટિયાલામાં પણ રેલીનું સંબોધન કરશે. તેમની યાત્રાનો મુખ્યહેતુ જનલોકપાલ બિલના મામલામાં યુપીએ સરકાર દ્વારા લોકો સાથે કરવામાં આવી રહેલા વિશ્વાસઘાતની બાબત લોકો સુધી પહોંચાડવામાં આવશે.

### વન્યસૃષ્ટિ પરિચય (પાના નં. ૪ નું ચાલુ)

માંકડ કરડવાથી કોઇ મોટો રોગચાળો થયો ધ્યાનમાં આવેલ નથી પરંતુ ચામડી પર લાલ ઢીમચાં થઇ જવા, એલર્જી થવી અને માનસિક અસરો થવાથી હેરાનગતિ ભોગવવી પડે છે. માંકડ રાત્રે કરડતાં હોઇ રાત્રિની ઊંઘ બગડે છે. અમેરિકાના ઘણાં વિસ્તારોમાં માંકડોનો ત્રાસ ફરીથી મોટા પ્રમાણમાં શરૂ થઇ ચુક્યો છે. કેટલાંક વિસ્તારોમાં માંકડની હાજરી શોધવા માટે તાલીમબધ્ધ કૂતરાઓ રખાય છે. લોકો પોતાના ઘર ખાલી કરી રહ્યાં છે. ઘરોમાં માંકડ દૂર કરવાની ઝેરી દવાઓ છંટકાવ કરવા માટે મોટા પ્રમાણમાં ખર્ચો કરી રહ્યાં છે.

ઘરના ખૂણે-ખાંચરે, નાની-મોટી તિરાડોમાં તમામ પ્રકારના ફર્નિચરોમાં માંકડ આરામથી રહી શકે છે અને તેની હાજરી પહેલી નજરે વર્તાતી નથી. પરંતુ તેના ત્રાસથી લોકોની ઊંઘ હરામ થઇ જાય છે. તેને મારવા માટે સાઇનાઇડ ગેસ ટ્રીટમેન્ટ, ડી.ડી.ટી. જેવી દવાઓ અને અનેક ઘરગથ્થું ઉપાયો અજમાવાય છે. પરંતુ અલ્પાયુ ધરાવતાં માંકડ અમરત્વ ધરાવતાં હોય તેમ સતત હાજર જોવા મળે છે. તે પણ કુદરતની બલિહારી છે.

## સમાચાર ઝલક

- ઇ.પી.એફ પર રૂા. ૧૦૦૦/- માસિક પેન્શન આપવા કેન્દ્રનો નિર્ણય.
- જાહેર માર્ગો પર ગેરકાયદેસર ધાર્મિક બાંધકામ મુદ્દે જાહેરહિતની અરજી.
- થાણેમાં બાળકી ઉપર દુષ્કર્મ કરનાર આરોપીના ઘર પર 'હલ્લા બોલ'.
- સાઉદી અરબનો નવો શ્રમ કાયદો, ભારતીયોને નડશે.
- ગુજરાતમાં મહિલા પોલીસ કર્મચારીઓની તીવ્ર અછત, જયારે મહિલાઓના ગુના વધ્યા.
- ક્રેડિટ કાર્ડ દ્વારા દર વર્ષે દેશમાં ૮૦ થી ૯૦ કરોડની ઠગાઇ.
- પોપે ૧૨ કેદીઓનાં પગ ધોઇ ચૂમ્યા, શ્રધ્ધાળુઓ વેટીકનમાં.
- કચ્છના દક્ષિણ વાગડ-ગેડી ફોલ્ટ લાઇન સક્રીય થતાં સરકાર ચિંતાતુર.
- દેશમાં વાઘની વસ્તી વધીને ૧૪૬૮ થઇ.
- મહિલા અધિકારો માટે જંગ છેડનારી ટ્યુનીશીયાની ૧૮ વર્ષીય અમીના ટોપલેસ થતાં અરબ જગતમાં ખળભળાટ.
- અફઝલ ગુરૂની ફાંસી કાશ્મીરને ૪૫૦૦ કરોડમાં પડી ??
- ઘઉંની નવી સિઝન શરૂ, ગયા વર્ષ કરતાં ભાવમાં વધારો.
- હાઉસિંગ લોનના ૬ હપ્તા સતત નહિ ભરનારની મિલ્કત જપ્ત થશે.
- થાપણો પણ બેન્કના વ્યાજદર વધવા માંડ્યા.
- થર્ડ પાર્ટી વીમામાં ૨૦ ટકાનો વધારો, સોમવારથી અમલી બનશે.
- ઉત્તર કોરિયાએ સાવચેતી રૂપે રોકેટો ગોઠવતાં ટેન્શન.
- આજે અમદાવાદમાં વિરાટ હિન્દુ સંગમનું આયોજન.
- ધારીના ખીસરી ગામે ૩૦૦ ફૂટ ઊંડા બોરમાં ધગધગતા પાણીનો ધોધ.